# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

**-: અખબારી યાદી:-**

# સિવિલ હોસ્પિટલ ચોક બ્રિજના કામે ખટારા સ્ટેન્ડ ચોકથી સિવિલ હોસ્પિટલ ચોક સુધી વાહનો માટે રસ્તો ડાયવર્ટ

તારીખ: ૧૬-૦૪-૨૦૨૧

હાલમાં સિવિલ હોસ્પિટલ ચોક ખાતે થ્રી આર્મ ફલાય ઓવરબ્રિજ બનાવવાના કામે પોલીસ કમિશ્નરશ્રી દ્વારા સિવિલ હોસ્પિટલ ચોકથી મોસલી લાઇન સુધી વાહનોની અવર – જવર બંધ કરવા માટે જાહેરનામું બહાર પાડેલ છે જે અન્વયે હાલના તબ્બકે ફકત સિવિલ હોસ્પિટલ ચોકથી ખટારા સ્ટેન્ડ ચોક સુધી રસ્તો રવિવાર (તા.૧૮/૦૪/૨૦૨૧) થી વાહનોની અવર – જવર બંધ થવા જઇ રહ્યો છે. આ માટે કેસર – એ – હિંદ બ્રિજ તથા પારેવડી ચોક તરફથી સિવિલ હોસ્પિટલ તરફ આવતા વાહનોને અમદાવાદ રોડ પર ખટારા સ્ટેન્ડ ચોકથી મોચીબજાર ચોક થઇ સિવિલ હોસ્પિટલ ચોક થઇને ચૌધરી હાઇસ્કુલ તરફના રોડ તરફ જઇ શકશે તથા ખટારા સ્ટેન્ડ ચોકથી રેલ્વે સ્ટેશન મેઇન રોડ થઇને જામટાવર ચોક થઇ કલેકટર કચેરી થઇને જયુબીલી બાગ તરફ અવર – જવર કરી શકાશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**(જન સંપર્ક અધિકારી)**
**રાજકોટ મહાનગરપાલિકા**